
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ




જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૪ વર્ષ ૬૨ સળંગ અંક નં. ૫૦૪

માસિક કિંમત-રૂા. ૧૦/- વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-

તંત્રી : જયકુમાર એમ. પંચોલી સહતંત્રી : જીગર એન. મપારા



**Pancholi Navyug Email ID. : jpancholi11052004@gmail.com**

**Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org**

# નવયુગ શુભેચ્છક



**Mr. Deepak Bhai S. Gandhi**
**Mrs. Tejalben D. Gandhi**

**Mr. Dhrumil D. Gandhi**
**Mr. Dipesh A. Mistry**
**Mrs. Mansi D. Mistry**
**Ku. Radhya D. Mistry.**

8- Royal garden row house, Near Sarita Dairy,
Honey park road, ADAJAN. Surat.
Mo. 99254 34754 / 99798 51754

**2024 TO 2044**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૪**

તમસો માં જ્યોતિર્ગમય

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂ. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂ. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂ. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂ. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂ. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂ. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂ. | ૮૦૦/- |
| પા પેજ | રૂ. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂ. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂ.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂ. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| માસિક | રૂ. ૧૦/- |
| વાર્ષિક લવાજમ | રૂ. ૧૦૦/- |

# તંત્રી નોંધ



જયકુમાર મધુસુદનભાઇ પંચોલી
બી-૬૩, ઉમાકોલોની, ડોમીનોઝ પીઝા લેન, ઉમા ચાર રસ્તા, વાઘોડિયા રોડ, વડોદરા.
મો. ૯૯૯૮૦૫૪૪૭૫
Email : jpancholi11052004@gmail.com



જીગર નરેન્દ્રભાઇ મપારા
એ-૨૦૩, બાલાજી એંકલેવ, દેવપુષ્પ ડુપ્લેક્ષની સામે, કલાદર્શન ચાર રસ્તા પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૨૫
મો : ૯૮૯૮૬૪૮૬૬૪

સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ..
સૌ પ્રથમ મંત્રી ના પદ માટે મારી પસંદગી કરવા આપ સર્વેનો ખૂબ ખૂબ આભાર.

નવયુગ જેના પર હર હંમેશ ભાર મૂકવામાં આવે છે, નવયુગ અંક એવું પ્રકાશન છે જેના દ્વારા આપણા સમાજના છેવાડાના ગામ સુધી સમાજમાં થતી પ્રવૃત્તિ ની ઝલક દરેક અંકમા દર્શાવવામાં આવતી હોય છે. જેનાથી દરેક સભ્યને સમાજની પ્રવૃત્તિનો ખ્યાલ આવતો હોય છે.

આથી મારો અનુરોધ છે કે નવયુગને આપણે પ્રાધાન્ય આપીએ અને શક્ય હોય એટલી વધારે નકલ પ્રિન્ટ કરી સમાજના દરેક ઘર સુધી પહોંચે એવો પ્રયત્ન કરીએ.

તો ચાલો ફરી એક વાર સાથે મળીને આ નવયુગનું નવનિર્માણ કરીએ....

લિ. આપના વિશ્વાસુ
જય પંચોલી - તંત્રી
જીગર મપારા - સહ તંત્રી

# પ્રમુખ નોંધ



વ્હાલા જ્ઞાતિજનો

ઉનાળાની આકરી ગરમી બાદ વરસાદના માહોલમાં પવિત્ર શ્રાવણ માસ સાથે તહેવારોની શરૂઆત થઇ. સર્વે જ્ઞાતિજનો દરેક તહેવારો આનંદથી ઉજવે અને દિવાળીના આગમનના વધામણા કરે..એવી હાર્દિક શુભેચ્છાઓ..

અંકલેશ્વર મુકામે તા. ૪.૮.૨૦૨૪ના રોજ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભાનું આયોજન થયું. દર વર્ષે અંકલેશ્વર મુકામે સામાન્ય સભાનું આયોજન કરવા માટેનું અંકલેશ્વર એકમ દ્વારા ગત સામાન્ય સભા કરવા સ્વીકારેલ છે. અંકલેશ્વર જેવા નાના એકમે સ્વીકાર કરી ખૂબ જ સફળતા પૂર્વક આયોજન કર્યુ તે માટે અંકલેશ્વર એકમના સર્વે કાર્યકર્તાઓને અભિનંદન આપવા રહ્યા.

આ સામાન્ય સભા સૌ માટે યાદગાર બની રહી જેમાં આપણા સૌના લાડીલા નવયુગ તંત્રી શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી તથા સહતંત્રી શ્રી મલયભાઇ ડી. મિસ્ત્રીએ સામાન્ય સભા અગાઉ રાજીનામાનો પત્ર મોકલવામાં આવ્યો હતો. જેમાં દિનેશભાઇએ પોતાની નાદુરસ્ત તબીયતના કારણે નવયુગની જવાબદારીમાંથી મુકત કરવા વિનંતી કરી હતી.

દિનેશભાઇ કે જેઓએ નવયુગ માટે પોતાની જિંદગીના ૩૧ વર્ષ જેટલા સમયનો ભોગ આપ્યો. ૧૦ વર્ષ માજીતંત્રી શ્રી ચેતનભાઇ સાથે પ્રિન્ટીંગ અને પોસ્ટીંગ કર્યુ. અને ૨૧ વર્ષ તંત્રી તરીકેની જવાબદારી તેમના સ્વભાવ પ્રમાણે ખૂબ જ સહજતાથી નિભાવી. દરેક જ્ઞાતિજનોને સંતોષ આપવાનો પ્રયત્ન કર્યો. તેમની આ કામગીરી આપણે સૌને વર્ષો સુધી યાદ રહેશે. સાથે મલયભાઇને કેમ ભુલી શકાય ? મલયભાઇએ પણ નવયુગની તમામ કામગીરીમાં તથા મહામંડળના હિસાબો માટે પણ તેમનો સાથ-સહકાર રહ્યો. દિનેશભાઇની નવયુગની કામગીરી સફળ બનાવવા સૌથી વધુ સાથ આપ્યો હોય તો તેમના સર્વે કુટુંબના સભ્યોનો આભાર માનવો રહ્યો. ડો. મહેશભાઇ મિસ્ત્રીના સહકારથી દિનેશભાઇએ નવયુગની કામગીરી સફળતાપૂર્વક પાર પાડી. દિનેશભાઇ નવયુગની જવાબદારીમાંથી મુકત થઇ હવે પછીનું એમનું જીવન તંદુરસ્તમય પસાર કરે એવી આપ સૌ વતી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું....જય સ્વામિનારાયણ.

આપણે વડોદરા એકમના નવયુગના તંત્રી તરીકે શ્રી જય મધુસુદનભાઇ પંચોલી તથા સહતંત્રી તરીકે શ્રી જીગરભાઇ નરેન્દ્રભાઇ મપારાની નિમણૂંક કરવામાં આવી. નવયુગ એ એક એવું માધ્યમ છે કે જે સમસ્ત સમાજની રજેરજની માહિતી સર્વે જ્ઞાતિજનોને પહોંચાડવાનું કામ કરે છે. આપણે સૌએ તંત્રીશ્રી જયભાઇ અને જીગરભાઇને દરેક એકમમાં થતી પ્રવૃતિઓનો અહેવાલ સમયસર પહોંચાડી તેમની કામગીરીને સફળબનાવવા પ્રયત્ન કરવો રહ્યો. સૌના સાથ સહકારથી જ સમાજની પ્રવૃતિને વેગ મળશે. નવયુગના નવા વરાયેલ બન્ને હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવું છું.

અંતમાં મહામંડળ તથા સમાજ સુરક્ષા યોજનાની સામાન્ય સભા આપણે સફળતા પૂર્વક તંદુરસ્ત ચર્ચા કરી યોગ્ય નિર્ણયો સાથે પૂર્ણ કરી તે માટે હાજર રહેલ સૌ જ્ઞાતિજનોનો આભાર....

જય પંચોલી સમાજ

ભરતકુમાર સી. પંચોલી-વ્યારા
પ્રમુખ-શ્રી પં.સે.સ.મહામંડળ

# અચ્છા તો હમ ચલતે હૈ.....





વ્હાલા જ્ઞાતિજનો

સમયનું ચક્ર ક્યાં અને ક્યારે ફરે છે ખબર નથી પડતી.. જોતજોતામાં એકવીશ વર્ષ વીતી ગયા.. ૨૧ વર્ષની તંત્રી તરીકેની સાહિત્ય યાત્રા મન મસ્ત બની, તન મસ્ત બની, માણી, જાણી, પ્રમાણી આથી વિશેષ સદ્ભાગ્ય શું હોય....

સદ્ભાગ્ય તો રેકોર્ડ બ્રેક કરે એવું રહ્યુ..... મહામંડળને ૬૨ વર્ષ થયા અને નવયુગને પણ એટલાજ થયા... જેમાં ૧૦ વર્ષ ચેતનભાઇ સાથે હતો ત્યારે નવયુગનું પ્રિન્ટીંગ અને પોર્ષ્ટીંગ મારી પાસે હતું. તંત્રી બન્યો ત્યારે ૨૧ વર્ષ પંચોલી નવયુગ મારી પાસે રહ્યુ. અને ૩૧ વર્ષ પુર્ણ કર્યા, આ પંચોલી નવયુગની અડધી સફર દિનેશ મિસ્ત્રી કે સાથ......

૨૧ વર્ષ સુધી પંચોલી નવયુગનો હોદ્દો સંભાળવાનું સદ્ભાગ્ય મળ્યુ...

ત્રીજુ સદ્ભાગ્ય આજ દિન સુધી મહામંડળમાં એક જ પોસ્ટ પર ૨૧ વર્ષ પોસ્ટ સંભાળવાનું શ્રેય.

આ કાર્યો કરવાની પ્રભુએ શકિત આપી અને જ્ઞાતિજનોનો સાથ-સહકારથી કરી શકયો છું. આ પ્રસિધ્ધિ માટે હું ડૉ. મહેશભાઇ અને ચેતનભાઇ પંચોલીને યશ આપી શકું. મહેશભાઇએ ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડની ભૂમિકા સંભાળી, પ્રુફ રીડીંગથી માડી એડ્રેસ લગાડવાના કાર્યમાં એમના ફેમીલીનો સાથ સહકાર રહ્યો છે. વિવિધ સજેસનો અને વિવિધ અંકો પ્રસિધ્ધ કરવાની આઇડીયા એમની પાસેથી મળ્યા છે. હું મહેશભાઇ અને એમના ફમીલીનો અંતઃકરણપૂર્વક આભારી છું.

ચેતનભાઇ પંચોલી નવયુગનું પ્રુફરીડીંગ એમણે જ કર્યુ છે.. પંચોલી નવયુગ પહેલા દર મહિનાની પહેલી તારીખ પ્રકાશિત કરવાનું અને સમય ઓછો હોય તો રાત્રે જાગીને પણ પ્રુફરીડીંગ કરી સવારમાં મળી જાય એવી વ્યવસ્થા કરી છે...એમનો પણ આભારી છું. હેમંતભાઇ મિસ્ત્રી જયારે પણ કાંઇક કામ હોય અને જાણ કરુ.. તરત એનો ઉકેલ અને કાચ થઇ જાય દિપોત્સવી અંકના ટાયટલ માટે મને નિશ્રિત કરવા બદલ આભારી છું. અને જયેન્દ્રભાઇ(જય પંચોલી)ને કેમ ભુલાય.. દર મહિને એક પત્ર દ્વારા સૂચનો અને હિંમત આપતા એમના પત્રો કાર્ય કરવાનો ઓકસીજન પુરો પાડતો.

રાજેશભાઇ ગાંધી, સ્વપ્નિલકુમાર, ભરતભાઇ પોષ્ટ માટેની ટીકીટો અંકલેશ્વરમાં ન મળતી હોવાથી જાણ કરતા તુરત વ્યવસ્થા કરી આપના એ ત્રણેનો આભારી છું. નવયુગની જાહેરાતો લાવનાર દરેક એકમના

પ્રમુખ-મંત્રી-ખબરપત્રીશ્રીઓનો પણ આભારી છું. અત્રે બધાનો નામોલ્લેખ કરવો અશક્ય છે...સોરી.. ખરા આભારી તો મારા જ્ઞાતિજનો છે... જેઓએ મારી ભુલોને ભુલીને પણ મને સાથ સહકાર આપ્યો.

નવા વરાયેલા તંત્રીશ્રી જયકુમાર અને સહતંત્રી જીગરકુમારને ખૂબ ખૂબ અભિનંદન. તેઓએ આ જવાબદારી સ્વીકારી છે પ્રભુ એમને આ કાર્યમાં સફળતા આપે એવી હાર્દિક શુભેચ્છાઓ...

પંચોલી નવયુગ ના અગાઉના તંત્રીશ્રીઓને આર્થિક રીતે તકલીફ પડતી હતી.. જયારે હમણાં આર્થિક વ્યવસ્થા સારી હોવાથી કાર્ય સરળતાથી ચાલ્યુ. કામ કરવામાં તકલીફ પણ પડી... ધણા પ્રોબ્લેમો પણ આવ્યા. અને એનો ઉકેલો પણ લાવ્યા... ધણી ખાટી મીઠી યોદો પણ મળી....હોય એવું તો ચાલ્યા કરે..

ત્યારે એક સારા કામ કર્યાનો આનંદ તન-મનને ફ્રેશ કરી રહે ત્યારે કહેવાનું મન થાય કે :

સ્નેહ સરોવરમાં ભરી દેજો,
આશિષોના ભંડાર,
બીજું કાંઇ ન ખપે અમને,
બસ દઇ દો લાગણી અપાર.

હજી પણ નવયુગ સાથેનો નાતો જરૂર રહેશે.. એને તન-મનથી સજાવ્યુ છે, સંભાળ્યુ છે તે કાંઇ ભુલાય.. હવે જીવનના રંગમંચ પર નવુ દૃશ્ય...સ્વામિનારાય ભગવાનની ભકિત અને કુટુંબ સાથેની મધુર પળો... જય સ્વામિનારાયણ

**અચ્છા તો હમ ચલતે હૈ**
**અબ તુમ્હારે હવાલે**
**પંચોલી નવયુગ જ્ઞાતિજનો**

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનો નવો એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ' ના નામે બેંક ઓફ બરોડા-વ્યારા શાખા

**A/c. No. : 02690100010065,**
**IFSC BARB0VYARAX**
(પાંચમો અંક ઝીરો છે)

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો..

મહામંત્રી : જયેશભાઇ સી. પંચોલી-રાજપીપલા

## શ્રી પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** A/C **પંચોલી નવયુગ** ના નામે બેંક ઓફ બરોડા-અંકલેશ્વર ના સેવિંગ્સ ખાતા ન

**02210100057495, IFSC : BARB0ANKLES**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.

તંત્રી : જયકુમાર એમ. પંચોલી-વડોદરા

(**IFSC CODE** માં પાંચમો ડીજીટ ઝીરો છે..)

# બીલીમોરાનું ગૌરવ



ધૈવત મહેતાનો જન્મ ગુજરાત રાજ્યના બીલીમોરા શહેરમાં થયો, એમણે તબલા નું પ્રાથમિક શિક્ષણ એમના કાકા શ્રી હર્ષેશ મહેતા પાસેથી લીધું વિશ્વવિખ્યાત તબલાવાદક ડોક્ટર અનિશ પ્રધાન પાસેથી તાલીમ લેવાનું શરૂ કર્યું અને છેલ્લા 17 વર્ષથી તબલાંની તાલીમ લઈ રહ્યા છે. એમણે એમનું graduation એમણે ઘણા બધા ઉચ્ચ કોટીના અને વિશ્વ વિખ્યાત કલાકારો જેમ કે, વિદુષી શુભા મુદગલ, શ્રી સુધીર નાયક, શ્રી સંગીત મિશ્રા અને યુવા કલાકારો જેમ કે, કલ્યાણી જોગલેકર, ઓમકાર અગ્નિહોત્રી, જ્ઞાનેશ્વર સોનવણે જેવા કલાકારો સાથે તબલા પર સંગત કરી છે. એમણે એમનું ગ્રેજ્યુએશન સાયકોલોજી વિષયમાં, માસ્ટર તબલા વિષયમાં કર્યું છે અને હાલમાં ડોક્ટર અજય અષ્ટપુત્રે કે જેઓ M.S. University, બરોડા, મ્યુઝિક ફેકલ્ટીના અધ્યાપક છે એમની પાસેથી Ph.D નું માર્ગદર્શન લઇ રહ્યા છે અને All India Radio (આકાશવાણી) તરફથી એમને B High Grade પ્રાપ્ત થયો છે.

# Congratulations...





**Dr. Zalak Mayur Gajjar**

**Bachelor Of Physiotherapy- SPB PHYSIOTHERAPY COLLEGE, SURAT**

**ઈશ્વરકૃપા, વડીલોના આશીર્વાદ અને ખંતપૂર્વકની મહેનતથી BPT નો અભ્યાસ પૂર્ણ કરવા બદલ ખુબ ખુબ અભિનંદન.**

આ રીતે ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરતા રહો એવી હાર્દિક શુભેચ્છાઓ.

**શુભેચ્છક**

સ્વ. ઇન્દ્રવદન વાડીલાલ ગાંધી
હંસાબેન ઇન્દ્રવદન ગાંધી
હેમલ ઇન્દ્રવદન ગાંધી
શ્રધ્ધા હેમલ ગાંધી
દિવ્ય હેમલગાંધી

સ્વ. શાંતિલાલ જમનાદાસ ગજ્જર
સ્વ. મહિન્દ્રાબેન શાંતિલાલ ગજ્જર
સ્વ. પ્રફુલકુમાર શાંતિલાલ ગજ્જર
પ્રમિલાબેન પ્રફુલકુમાર ગજ્જર
દક્ષય પ્રફુલકુમાર ગજ્જર
સંગીતા દક્ષય ગજ્જર
ડૉ. જય દક્ષય ગજ્જર
*( Pursuing MD Pediatrics )*
મયુર પ્રફુલકુમાર ગજ્જર
કામિની મયુર ગજ્જર

રાજેશકુમાર જયંતીલાલ પંચોલી
સંગીતા રાજેશકુમાર પંચોલી
હર્ષ રાજેશકુમાર પંચોલી
*( Software Engineer at Apple, Bangalore)*

*15*, ભવન્સ રેસીડેન્સી, કલ્યાણ જ્વેલર્સનીપાસે, એલપી સવાણી રોડ, અડાજણ, સુરત
*Mo. 9824137878*



ER. Harsh KirtiKumar Pancholi

# *Congratulations...*

*Congratulations to Harsh Kirtikumar Pancholi*
*on successfully completing his*
*Masters of Mechanical Engineering (ME)*
*from University Of Guelph, Guelph (Canada)*
*with distinction.*

## *Chordally Blessed By*

Late. Harkishanbhai Pancholi
Late. Virmatiben H. Pancholi
Mr. KirtiKumar H. Pancholi
Mrs. Geetaben K. Pancholi
Mr. Rajeshkumar H. Pancholi
Mrs. Alpaben R. Pancholi
Gaurang Rajeshkumar Pancholi
Jalaram krupa, Near new gate, Kanpura ,Vyara
Mo. 9825717371, 9825978519

PancholiShaadi.com



**Hemil Bharatwala**

| | |
|---|---|
| Name | : **Hemil Bharatwala** |
| Date of Birth | : 02/08/1997 |
| Place of Birth | : Surat |
| Education | : Bachelor's in Electronics and Communication |
| Job | : Casepoint Pvt. Ltd. Network Administrare |
| Height | : 5' 5" |
| Father | : Rakesh Bharatwala Business |
| Contect No. | : 94277 80169 |
| Mother | : Heenaben (Business) |
| Contect No. | : 84017 97424 |
| Address | : 2/794, Infinity Residency 1st Floor, Sagrampura, Surat |

# સંસ્થા સમાચાર

## શ્રી નવસારી શ્રી પંચોલી જ્ઞાતિ પંચ



શ્રી નવસારી શ્રી પંચોલી જ્ઞાતિ પંચ અને શ્રી ઉત્તમભાણા વીલ ટ્રસ્ટની મિટિંગ તા. ૯.૬.૨૦૨૪ને રવિવારના રોજ શ્રી સત્યનારાયણ એ.સી. હોલમાં રાખવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને બોલપેન, નોટબુક તથા રોકડ સહાય આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામા જ્ઞાતિજનો હાજર રહ્યા હતાં.

મંત્રી શ્રીમતિ ઉર્વી નિકુંજભાઇ મિસ્ત્રી દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. જ્ઞાતિજનોના સ્વાગત બાદ રાષ્ટ્રગીતને માન આપી કાર્યક્રમ આગળ વધારવામાં આવ્યો. ચિ. વિરાજ દિપેશભાઇ પંચોલીએ પિયાનો પર રાષ્ટ્રગીત ધૂન વગાડી મંત્રમુગ્ધ કર્યા. ચિ. નેત્રા સુકેતુભાઇ પંચોલી અને દુર્વા સુકેતુભાઇ પંચોલીએ પ્રાર્થના રજુ કરી. ચિ. નેત્રા ઇન્ડિયન આઇડોલમાં સીલેકટ થયા તે બદલ અભિનંદન આપવામાં આવ્યા. ચિ. રિષભ કલ્પેશભાઇ પંચોલી ધો. ૧૦માં સારા માર્કસ સાથે ઉર્તિણ થયા તે બદલ સમાજ તરફથી સર્ટીફિકેટ આપવામાં આવ્યુ.

પ્રમુખ સ્થાનેથી રજુઆતમાં પ્રમુખશ્રી દિપેશભાઇએ કાર્યક્રમમાં હાજર રહેવા બદલ જ્ઞાતિજનોનો આભાર વ્યકત કર્યો. ઉર્તિણ થયેલ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા અને ઉત્તરોત્તરની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. દિલીપભાઇ શાંતિલાલ પંચોલીને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપી. આગામી ડિસેમ્બર માસમાં સ્પોર્ટસ ડે અને શ્રાવણ માસમાં પાચંચ મહાદેવનો એક દિવસીય પ્રવાસ ના આયોજન માટે ચર્ચા વિચારણા કરવામાં આવી. તમામ વિદ્યાર્થીઓને શ્રી નવસારી પંચોલી પંચ દ્વારા નોટબુક, પેન્સિલ, બોલપેન અને રોકડ સહાય આપવામાં આવી. નવસારી જ્ઞાતિ પંચ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતી સહાયમાં રૂા. ૧૦૦ નો વધારો કરવામાં આવ્યો. શ્રીમતિ નયનાબેન અને વિક્રમભાઇ આર. મહેતા શૈક્ષણિક સહાય વ્યાજ વપરાશ ફંડ હસ્તે જતીનભાઇ વિ. મહેતા એન્ડ ફેમીલી અને શ્રી હેમંતભાઇ વી મહેતા પરિવાર(હાલ અમેરિકા) તરફથી વિદ્યાર્થીઓને રોકડ સહાય આપવામાં આવી.

નોટબુક વિતરણ બાદ તમામ જ્ઞાતિજનોના મનોરંજન માટે ફન ગેમનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં અબાલવૃધ્ધોએ ઉત્સાહભેર ભાગ લીધો. અંતમાં સંગીત ખુરશીની રમત રમાડવામા આવી. જેમાં સિનિયર સીટીજનમાં જશવંતભાઇ પંચોલી, વયસ્કમાં ઉર્વીબેન મિસ્ત્રી અને વૃત્તિ પંચોલી વિજેતા થયા. કાર્યક્રમના અંતમાં ખજાનચી શ્રી સમીરભાઇ, શાતિલાલ કાકા, તમામ કારોબારી સભ્યો અને જ્ઞાતિજનોનો આભાર ઉર્વીબેને માન્યો. અંતમાં સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી છુટા પડયા.

આજના દાતાઓ...

૧૦૦ અશોકભાઇ નાથુભાઇ મિસ્ત્રી
૨૦૧ જયંતિભાઇ જી. પંચોલી
૧૫૧ દિપેશ જે. પંચોલી
૧૦૦ ગં.સ્વ. વીણાબેન બી. મિસ્ત્રી
૨૦૧ મહેશભાઇ જી. મિસ્ત્રી
૧૦૧ નિકુંજ એસ. મિસ્ત્રી
૧૦૧ પરેશભાઇ એ. પંચોલી
૧૦૧ તરૂલતાબેન જે. પંચોલી

## શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર

શ્રીપંચોલી સેવા સમાજ, અંકલેશ્વર એકમનો નોટબુક વિતરણ તથા વાર્ષિક કાર્યક્રમ તારીખ 07/07/2024 નારોજ રવિવારે યુ .પી. એલ. રોટરી લાયબ્રેરી હોલમા સવારે 09:30 કલાકે યોજવામા આવ્યો હતો.અંકલેશ્વર સમાજના સહુ સભ્યો સમયસર મોટી સંખ્યામાં હાજર




રહયા હતા.

કાર્યકર્મનુ સંચાલન **શ્રીમતી હિરલબેન અખિલભાઈ મહેતાએ સંભાડી** લીધુ હતી. **કાર્યક્રમનો શુભઆરંભ શ્રીમતી** સોનલ મનોજભાઈ **મિસ્ત્રી, શ્રીમતી** જાગૃતિ ગોપાલભાઈ પંચોલી, **તથા શ્રીમતી** જાગૃતિ **સંજયભાઈ પંચોલી દ્વારા પ્રાર્થનાથી** કરવામા આવી.

**ત્યારબાદ અંકલેશ્વર સમાજના સ્વ. શ્રી નિલેશભાઈ છનુભાઈ પંચોલી તથા અન્ય દિવંગતોની** આત્માને **શાંતિ**માટે 2 **મિનિટનુ મૌન** રાખવામા **આવ્યુ**. કાર્યક્રમ ને આગળ વધારતા હિરલબેને, શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર**ના પ્રમુખ શ્રી** અખિલભાઈ નિલેશભાઈ મહેતા, મંત્રી શ્રી નિમેશભાઈ છગનભાઈ મિસ્ત્રી, શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વર**ના પ્રમુખ** શ્રીમતી બિનીતાબેન પંચોલી, **મંત્રી શ્રીમતી જાગૃતિબેન ગોપાલભાઈ પંચોલી** તથા સ્વયં ગ્રુપ અંકલેશ્વર**ના પ્રમુખ શ્રી ધર્મેશભાઈ કનુભાઈ પંચોલી,** મંત્રીશ્રી ચિંતનભાઈ શૈલેષભાઈ પંચોલીને મંચ પર આમંત્રિત કર્યા હતા.

સૌ પ્રથમ શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરના **પ્રમુખ શ્રી અખિલભાઈ મહેતા**એ સૌ જ્ઞાતિ જનો ને વાર્ષિક કાર્યક્રમમાં આવકાર્યા હતા. ત્યારબાદ એમના કાર્યકાળ દરમ્યાન યોજાયેલા કાર્યક્રમોની માહીતિ આપી હતી. શ્રી અખિલભાઈ મહેતાએ દરેક જ્ઞાતિજનોનો સાથ સહકાર આપવાબદલ ખૂબખૂબઆભાર માન્યો હતો.ત્યારબાદશ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વર**ના પ્રમુખ** શ્રીમતી બિનીતા બેન પંચોલી તથા સ્વયં ગ્રુપ અંકલેશ્વર**ના પ્રમુખ શ્રી ધર્મેશભાઈ કનુભાઈ પંચોલી** એમના કાર્યકાળ દરમ્યાન યોજાયેલા કાર્યક્રમોની માહીતિ આપી અને સહકાર બદલ સર્વનો આભાર માન્યો.

શ્રીમતી હિરલબેને,ડૉ.શ્રી મહેશભાઈ એમ મિસ્ત્રીને શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર, **શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વર અને સ્વયં ગ્રુપ અંકલેશ્વરના નવા પ્રમુખ**, મંત્રી તથા કારોબારી સમિતિ ની ઘોષણા અને શપથવિધિ માટે આમંત્રિતકર્યાહતા.

ડૉ.શ્રી મહેશભાઈ એમ મિસ્ત્રીએ શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર, શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વર તથા સ્વયં ગ્રુપ અંકલેશ્વરના નવા કારોબારીસમિતિની ઘોષણા કરી અને શપથઅપાવ્યાહતા.

**શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરના નવા નિમાયેલા** કારોબારીસભ્યો

**પ્રમુખ:શ્રી અજય ચંદુભાઈ પંચોલી**

**ઉપપ્રમુખ:શ્રી સંજયભાઈ પંચોલી**

**મંત્રી:શ્રી હર્ષલ પરેશભાઈ પંચોલી**

**સહમંત્રી:શ્રી કૃણાલ રમણભાઈ પંચોલી**

**ખજાનચી:ડૉ.વિસ્મય મહેશભાઈ મિસ્ત્રી**

**કારોબારીસભ્યો:**

**શ્રીમતી અમિતાબેન પ્રશાંતભાઈ પંચોલી, શ્રી ચેતન રમણભાઈ પંચોલી, શ્રી હેમલ શાંતિલાલ મિસ્ત્રી, શ્રી ચિંતન શૈલેષભાઈ પંચોલી, શ્રી પ્રજેશભાઈ પંચોલી**

શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વર**ના નવા નિમાયેલા**

કારોબારીસભ્યો

પ્રમખ્યુ: શ્રીમતી સોનલ મનોજ પંચોલી

ઉપપ્રમખ્યુ: શ્રીમતી જાગૃતિ ગોપાલભાઇ પંચોલી

મંત્રી: શ્રીમતી ખશ્બુ વીસ્મયભાઇ મીસ્ત્રી

ખજાનચી: શ્રીમતી જાગૃતિ સજયભાઇ પંચોલી

કારોબારી સભ્યો:

શ્રીમતી દેવયાની નીલેશભાઇ મહેતા, શ્રીમતી નીપા મૌલીક મીસ્ત્રી, શ્રીમતી ગાયત્રી કુણાલ પંચોલી, શ્રીમતી હિરલ દીપેશ પંચોલી, શ્રીમતી હેતલ નીમેષ મીસ્ત્રી, શ્રીમતી કલ્પનાબેન કનુભાઇ પંચોલી, શ્રીમતિ ભાવનાબેન મલયભાઇ મિસ્ત્રી.

સલાહકાર : શ્રીમતિ મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી, દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી, માનનીય મીનાબેન છગનભાઇ મિસ્ત્રી,

સ્વયં ગ્રુપ અંકલેશ્વરના નવા નિમાયેલા કારોબારીસભ્યો

પ્રમુખ: શ્રીમતી હિરલબેન અખિલભાઈમહેતા

ઉપપ્રમુખ:શ્રીમતી ખુશ્બુ વિસ્મયભાઇ મિસ્ત્રી

મંત્રી:શ્રી દિપેશ રાજેન્દ્રભાઇ મિસ્ત્રી

સહમંત્રી:શ્રીમતી ભાવનાબેન મલયભાઇ મિસ્ત્રી

ખજાનચી:શ્રી જેસલ મનુભાઇ મિસ્ત્રી

કારોબારીસભ્યો : શ્રી ઉત્સવ પારસભાઇ મિસ્ત્રી, શ્રી શુભમ પ્રશાંતભાઇ પંચોલી, શ્રી અર્પણ રમણભાઇ પંચોલી, શ્રી તસ્મય પરેશભાઇ પંચોલી, શ્રી હેનીલ ચેતનભાઇ પંચોલી, શ્રી મૌલિક મહેશભાઇ મિસ્ત્રી, શ્રી ધર્મેશભાઇ કનુભાઇ પંચોલી

ત્યારબાદ નવા નિયુક્ત થયેલા પ્રમુખ અને મંત્રી નુ પ્રતિક સ્વરુપે બોલપેન આપી મંચ પર આમંત્રિત કરવામા આવ્યા.

શ્રીમતી હિરલબેને, ડૉ. શ્રી મહેશભાઇ એમ મિસ્ત્રી ને ગત વર્ષ ના હિસાબ રજુ કરવા આમંત્રિત કર્યા હતા, જે સર્વ સહમતિથી મંજુર કરવામા આવ્યા હતા. ડૉ. શ્રી મહેશભાઇ એમ મિસ્ત્રી એ જણાવ્યુ કે સમાજની આવક કરતા ખર્ચ વધી રહ્યો છે અને આવક ને વધારવા માટેના પ્રયત્નો કરવા જરુરી છે. જેના માટે વિવિધ કાર્યકર્મો અને પ્રાયોજન દ્વારા ભંડોળ ઊભું થાય એવુ આયોજન કરવા પ્રસ્તાવ કર્યો.

ત્યારબાદ ડૉ.શૈલી જેસલભાઇ મિસ્ત્રીનુ દાંતના ડોકટર બનવા બદલ પુષ્પ ગુચ્છથી સન્માન કરવામા આવ્યુ.

શ્રીમતી હિરલબેને, શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરના નવા નિયુક્ત થયેલા પ્રમુખ શ્રી અજય ચંદુભાઇ પંચોલીને મંતવ્ય આપવા આમંત્રિત કર્યા હતા. શ્રી અજયભાઇ ચંદુભાઇ પંચોલીએ પ્રમુખ પદ માટે એમની પસંદગી કરવા બદલ સૌનો આભાર વ્યકત કર્યો અને સૌનો સાથ સહકાર આપવા માટે અપિલ કરી હતી. સમાજને ખર્ચમાં થઇ રહેલા વધારા નો ભાર હળવો થઇ શેકે તેના માટે વાર્ષિકસભ્ય ફી જે ઘણા વર્ષથી પ્રતિકુટુમ્બ રૂ. 200/-છે તેને રૂ. 300/-કરવા માટે તથા ભોજન ફી રૂ. 30/-પ્રતિ વ્યકિત છે તેનેરૂ. 50/-કરવા માટે પ્રસ્તાવ રજુ કર્યો, જે સર્વએ સહમતી આપી મંજુર કર્યો.

શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરના નવા નિયુક્ત થયેલા પ્રમુખ શ્રીમતી સોનલબેન મનોજભાઇ મિસ્ત્રી તથા સ્વયં ગ્રુપ અંકલેશ્વરના નવા નિયુક્ત થયેલા પ્રમુખ શ્રીમતી હિરલબેન અખિલભાઇ મહેતાએ આભાર વ્યકત કર્યો અને સૌનો સાથ સહકાર અપવા માટે અપિલ કરી હતી.

કાર્યક્રમનેઆગળવધારતા, શ્રીમતી હિરલબેનેબાળકોને તેમના કાર્યક્રમ પ્રસ્તુત કરવા માટેમંચ ઉપર આમંત્રિત કર્યા. દરેક બાળકોએ ખૂબજ સુંદર કાર્યકર્મ રજુ કરી

સહુના મન મોહી લીધા.દરેકબાળકોને પ્રોત્સાહન રૂપે ઈનામ આપવમા આવ્યુ.

ત્યારબાદ બાળકોને પુસ્તક વિતરણ કરવામા આવ્યુ. શ્રી અખિલ નિલેશભાઈ મહેતા તરફથી સ્કુલ બેગની ભેટ આપવામા આવી અને સ્વ. કુમારી વૃષાલી નિલેશભાઈ મહેતા ના સ્મરણાર્થે દર વર્ષે અંકલેશ્વર સમાજ નાજરુરિયાત હોઈ તેવા વિધાર્થીને રૂ. 5000/- ની મદદ આપવા માટેની ઈચ્છા વ્યકત કરી.

ત્યારબાદ શ્રીમતી અમીષા અજય પંચોલી દ્વારા સરપ્રાઇઝ રમત રમાડવામા આવી, જેનો સૌ એ ખૂબ આનંદ માણ્યો.

અંતમા ઉપપ્રમુખ શ્રી સંજયભાઈ પંચોલી સૌનો આભાર વ્યકત કરી, ભોજન માટે સૌને આમંત્રિત કર્યા અને સૌ જ્ઞાતિજનોએ સ્વાદિષ્ટ ભોજન લિધુ અને શ્રી ચંદુભાઈ પંચોલી તથા શ્રી ચેતનભાઈ રમણભાઈ પંચોલીનો સુંદર આયોજન બદલ આભાર માન્યો.

આજનું દાન

૨૦૦ ધવલભાઈ રાજેન્ધભાઈ મિસ્ત્રી
૨૦૦ નિમેષભાઈ છગનભાઈ મિસ્ત્રી
૨૦૦ ચેતનભાઈ રમણભાઈ પંચોલી
૨૦૦ નિલેશભાઈ સોમાભાઈ મિસ્ત્રી
૨૦૧ સોનલબેન મનોજકુમાર પંચોલી
૨૦૦ દિપેશકુમાર રાજનભાઈ પંચોલી
૨૦૦ સંજયકુમાર અરૂણભાઈ પંચોલી
૨૦૦ પરેશભાઈ મગનભાઈ પંચોલી
૫૦૦ પારસભાઈ મનુભાઈ મિસ્ત્રી
૧૦૦૦ ચેતનભાઈ વિઠ્ઠલદાસ પંચોલી-ભરૂચ
૧૫૦ પ્રજેશભાઈ પંચોલી
૧૦૦૧ ચંદુભાઈ એચ. પંચોલી
૨૦૧ દિશા અજયભાઈ પંચોલી
૩૦૦ ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી-ધ્યાન બથડે નિમિત્તે
૫૦૦ ડો. શૈલી જેસલભાઈ મિસ્ત્રી
૨૦૦ દિનેશભાઈ એમ. મિસ્ત્રી
૨૦૦ રમણલાલ હરકીશનદાસ પંચોલી

**પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરા**

૧) સ્વ. શ્રીનરેન્દ્રભાઇકાળીદાસભાઈ પંચોલી (સંખેડા), હાલ વડોદરાના સ્મરણાર્થે તેઓશ્રીના પરિવારજનો, હસ્તે શ્રી પ્રવીણભાઈ કાળીદાસભાઈ પંચોલી તરફથી રૂ. ૧, ૧૧, ૧૧૧/- (અંકે રૂપિયા એક લાખ અગિયાર હજાર ને એકસોઅગિયાર પુરા) પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરા દાતાશ્રી હૃદયપૂર્વક આભાર માને છે.

પંચોલી સેવા સમાજ, મુંબઇ, પંચોલી ભગીની સમાજ, મુંબઇ. આવિષ્કા ગ્રુપ મુંબઇ

## પંચોલી જ્ઞાનોત્સવ - ૨૦૨૪

શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઇના ૮૦માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે પંચોલી જ્ઞાનોત્સવ એવમ નોટબુક અને રોકડ રકમ વિતરણ કાયક્રમનું આયોજન રવિવાર તા. ૨૮ જુલાઇ - ૨૦૨૪ના રોજ મીની પાર્ટી એ.સી. હોલ મીરારોડ મુકામે યોજવામાં આવ્યો.

સૌ પ્રથમ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના ઉપપ્રમુખ શ્રી વિશાલભાઈ કમલભાઈ કાપડિયા દ્વારા આજરોજના કાર્યક્રમમાં હાજર રહેલ યુવા પેઢી, વિદ્યાર્થી અને




લગભગ ૬૦ સભ્યોનું સ્વાગત કરી અભિનંદન વ્યક્ત કરાયા. જે સાથે આજરોજના કાર્યક્રમની શુભ શરૂઆત ગણેશ વંદના દ્વારા કરવામાં આવી. જે સાથે શ્રી પં.સે.સ.મુંબઇ અને જેની સંલગ્ન સંસ્થાઓના તમામ પ્રમુખ અને તમામ કારોબારી સભ્યોને મંચ ઉપર આમંત્રિત કરાયા અને ભારતદેશના રાષ્ટ્રગીત જન ગન મનને સન્માન આપી શ્રી પંચોલી જ્ઞાનોત્સવ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

આજના વિશેષ કાર્યક્રમ માટે શ્રીમતિ વિદ્યા મીશ્કલ અને શ્રી સ્બાસ્ટીયન પીન્ટો જેવા નામચીન સુપ્રસિધ્ધ અને નિષ્ણાંત સલાહકાર ને વિશેષ રીતે આમંત્રીત કરાયા હતાં. આજના વિશેષ કાર્યક્રમમાં શ્રી પં.સે.સ.મુબઇના પ્રમુખશ્રી રાહુલભાઇ મિસ્ત્રી દ્વારા શ્રી સ્બાસ્ટીયન પીન્ટોનુ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું. શ્રી ભગીની સમાજ મુંબઇના પ્રમુખ શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રીના વરદ હસ્તે શ્રીમતિ વિદ્યા મીશ્કલનું પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું.

આજના કાયક્રમમાં શ્રીમતિ વિદ્યા મીશ્કલ દ્વારા હાજર ૩૦ જેટલા વિદ્યાર્થીઓ અને નવયુવાનોને Meditation Value & Ethics, Education Guidance જેવા વિશેષ મુદ્દાઓ દ્વારા માર્ગદર્શન તેમન શૈક્ષણિક સલાહ દર્શાવવામાં આવ્યા. જેનો સદ્ઉપયોગ જેઓના અભ્યાસ ક્ષેત્રે લાભ લેશે એવા આશીર્વાદ આપવામાં આવ્યા.

શ્રી સ્બાસ્ટીઅન પીન્ટો દ્વારા નાણાંકીય ક્ષેત્રે વિવિધ ક્ષેત્રોમા મુડી રોકાણ જેવા કે Mutual faund, Share Market, Gold Investment, Property Investment, F.D.,જેવા વિષય પર વિવિધ જ્ઞાન આપવામાં આવ્યું. માર્ગદર્શન અને યોગ્ય સલાહ સૂચન સાથે સાથે વિવિધ રમતગમત Educational Video Clips, Student self introduction, Self explanation on their own dreams career and surprise gifts દ્વારા હાજર તમામ વિદ્યાર્થીઓ અને યુવા પેઢી, પંચોલી જ્ઞાનોત્સવ મુંબઇ નો કાર્યક્રમ ઉત્સાહભેર અને આનંદથી માણ્યો.

નોટબુક અને રોકડ સહાયનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં ૨૯ વિદ્યાર્થીઓએ લાભ લીધો. ૩૯૦ નોટબુક અને ૪૪,૫૦૦/નું રોકડ વિતરણ કરવામાં આવ્યું.

ઉલ્લેખનીય : શ્રી પંચોલી જ્ઞાનોત્સવના કાયક્રમમાં નારીરત્ન એવમ પંચોલી યુગાંતર માનનીય હસુમતી બેન ડાહ્યાભાઇ મિસ્ત્રીના પરિવારમાંથી શ્રી મુકુલભાઇ મિસ્ત્રી અને મયંકભાઇ મિસ્ત્રીએ જેઓનો અમૂલ્ય સમય ફાળવી હાજર રહ્યા, આજરોજના પ્રોજેકટનું આયોજન કરવામાં આવ્યું. જે માટે પંચોલી સેવા સમાજ મુંબઇ આપનાં આભારી રહેશે. આજરોજનો કાર્યક્રમ અમૂલ્ય બની રહ્યો હાજર રહેલ સૌને ચ્હા-બિસ્કીટ, નાસ્તો અને ઠંડા પીણાંની વ્યવસ્થા કરવામાં આવી હતી. આજ પ્રમાણે દરેક કાર્યક્રમમાં હાજર રહી સાથ સહકાર આપશો એવી અભિલાષા.

# મહિલા સમાચાર

## શ્રી પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

પંચોલી ભગીની સમાજની જાન્યુઆરી માસની મિટીંગ રાનીબેન પંચોલીને ત્યાં રાખવામાં આવી. પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. રાનીબેને વેલકમ ડ્રીંકસથી બહેનોનું સ્વાગત કર્યુ. સૌએ પોતાની રીતે ક્રિએટીવીટી કરી, ૨૬ જાન્યુઆરીને અનુલક્ષીને શહિદોને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપી. દેશભકિત ગીતની કોમ્પીટીશન રાખવામાં આવી. દરેક બહેનોએ સફેદ, કેસરી અને ગ્રીન રંગના વસ્ત્રો પરિધાન કર્યા હતા. રાનીબેન ભારતમાતા બન્યા હતાં.

લગ્નગીતના પ્રોજેકટમાં મંડપ મુહુર્તથી માંડી કન્યા વિદાય સુધીના ગીતોની કોમ્પીટીશન કરવામાં આવી. ૩૦ જાન્યુઆરી નિમિત્તે ગાંધી નિર્વાણ દિન નિમિત્તે બે મિનિટ મૌન પાળ્યુ. ગાંધીજીના જીવન પ્રસંગોની રજુઆત વારાફરતી કરવામાં આવી.

ફેબ્રુઆરી માસમાં પ્રોજેકટ મુજબ ઉબાડીયુ, જુવારનો પોંક-સેવની ઉજાણી માટે બહેનો થુવાવી મુકામે પર્યટનમાં ગઈ. સંસ્કાર સાથેનું શિક્ષણ એજ સાચુ શિક્ષણ એ વકૃત્વ સ્પર્ધા રેખાબેન આર. પંચોલીને ત્યાં રાખેલ મિટિંગમાં કર્યો. વેલકમ ડ્રિંકસથી સ્વાગત કર્યુ. પ્રોજકટ કર્યા. ચોકલેટ-ડે, વેલેન્ટાઇન ડે, બ્લેક ડેની ઉજવણી કરી. સૌ સાથે ભોજન લઇ છુટા પડયા. વસંત પંચમીના દિવસે સરસ્વતીમાતાનું પૂજન, ભજન કરવામાં આવ્યું. મહાસુદ બીજના દિવસે રાજપીપલા વાડીમાં સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યુ. માર્ચ માસમાં હોળી-ધૂળેટીની ઉજવણી મિત્ર વર્તુળ માં કરી આનંદ માણ્યો.

માર્ચ માસની મિટિંગ સ્મીતાબેન એસ. પંચોલીને ત્યાં રાખવામાં આવી. વેલકમ ડ્રીંકસથી સ્વાગત કર્યુ. પ્રોજેક્ટ મુજબ નિબંધ સ્પર્ધા રાખવામાં આવી હતી. મારો રોલ મૉડલ મારી મા / સાસુ. બધી બહેનોએ સુંદર નિબંધ લખ્યા હતાં. જેની ચકાસણી કરી વિજેતા જાહેર કર્યા હતાં.

મહિલા દિનની ઉજવણી ભારતની સફળ અને વિખ્યાત મહિલાઓ અને તેમના યાદગાર પ્રસંગોની રજુઆત દ્વારા કરવામાં આવી. સુધામૂર્તિ, કલ્પના ચાવડા, મેરીકોમ, કિરણબેદી, સરીતા ગાયકવાડ એમ મહિલાઓ વિશે રજુઆત કરી. અતે ભોજન લઇ છુટા પડયા.

મહાશીવ રાત્રી ની સમૂહમાં પૂજા અતર્ગત મહામૃત્યુંજય જાપ આશ્રમ દરિયાપુર નર્મદા ખાતે ચાર પ્રહરના દિવ્ય અભિષેક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી.

ધો. ૧૦ થી ૧૨ના બાળકો માટે નયનાબેનને ત્યા ગાયત્રી દિપ યજ્ઞનું આયોજન બાળકોના પેપરો સારા જાય એ માટે કરવામા આવ્યુ. વુમન્સ ડેની ઉજવણી એક રીલ બનાવી કરવામાં આવી હતી. એપ્રીલ માસમા રામનવમી અને હનુમાન જયંતિની ઉજવણી પોતાના ઘરે ધૂન પૂજન કરી કરવામાં આવી. આ માસની મિટિંગ ગીતાબેન જી. પંચોલીને ત્યાં રાખવામાં આવી. ગીતાબેને શરબતથી આવકાર્યા. મહિલા સગઠનના આપેલ પ્રોજેકટ ફરાળી વાનગી ની હરિફાઇ અંતર્ગત દરેક બહેનો પોતાના ઘરેથી ફરાળી વાનગી બનાવી લાવ્યા હતા. જેના વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં.

એકસ્ટ્રા પ્રોજેકટમાં ડો. બાબા સાહેબ આંબેડકર જયંતિ અંતર્ગત એમના જીવનના યાદગાર પ્રસગોની વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવી. ગુડી પડવા નિમિત્તે ગુડી બનાવી પૂજા કરવામાં આવી. ચૈત્ર માસ નિમિત્તે બધી બહેનો બળીયા દેવના મંદિરે ટાઢુ ખાવા ગયા હતાં હરસિધ્ધિ માતાના પ્રાકટય દિવસે સ્વયં સેવિકા તરીકે મંડળની બહેનો જોડાય હતી. દર વર્ષે થતી ચૈત્ર માસની નર્મદા પરીક્રમામાં રાજપીપલા સેવા મંડળ કાચી કેરીનો બાફલો તથા તીખી પાપડીનો ભંડારો કરે છે તેમાં મંડળની બહેનોએ ૩૦ કિલો કાચી કેરીનો બાફલો રાજપીપલાની વાડીમાં બનાવ્યો હતો. સેવા મંડળના સભ્યો સાથે બીજા દિવસે સેવા યજ્ઞમાં જોડાયા હતાં. જાન્યુઆરી માસથી એપ્રિલ માસ સુધીમાં રાજપીપલા પંચોલી સમાજ તરફથી બથડે અને એનીવર્સરી અન્ય રીતે ભગીની મંડળને મળેલ દાનની

વિગત

બર્થ ડે

૨૦૧ નિલાક્ષીબેન પંચોલી

૧૫૦ દક્ષાબેન શબ્દશરણ પંચોલી

૫૦૦ ખુશ્બુબેન અલ્કેશભાઇ પંચોલી

૧૫૧ આરતીબેન હિતેશભાઇ પંચોલી

૫૦૧ દક્ષાબેન ઈન્દ્રવદનભાઇ પંચોલી

૨૦૧ ચંદ્રિકાબેન ભદ્રેશભાઇ પંચોલી

૨૦૧ ભકિતબેન અને ધારાબેન ભદ્રેશભાઇ પંચોલી

૧૦૧ ઉષાબેન મુકેશભાઇ પંચોલી

૧૫૧ તારાબેન હિરાલાલ પંચોલી

૨૦૦ નક્ષ શિવમભાઇ પંચોલી

૧૫૦ ઋતુબેન પ્રણવભાઇ પંચોલી

૩૦૧ લોપાબેન જયપ્રકાશભાઇ પંચોલી

૧૦૧ જયશ્રીબેન ભાવેશભાઇ પંચોલી

૨૦૧ ગાયત્રીબેન નિખિલભાઇ પંચોલી

૧૦૦ રેખાબેન રમેશભાઇ પંચોલી

ઍનીવર્સરી

૧૦૦ જયશ્રીબેન દિપનભાઇ પંચોલી

૧૦૦ સંધ્યાબેન શૈલેષભાઇ પંચોલી

૧૦૦ હિરલબેન જયેશભાઇ પંચોલી

૧૦૦ ઉષાબેન મુકેશભાઇ પંચોલી

અન્ય દાન

૧૦૦ સંધ્યાબેન શૈલૈષભાઇ - દાદી બન્યા

૧૦૦ કૈલાસબેન પંચોલી

૫૦૧ સુગંધાબેન પટેલ

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરની મિટિંગ તા. ૧૯.૦૬.૨૦૨૪ના રોજ સાધનાબેન તરફથી શાલીમાર હોટલ ગાર્ડનમાં રાખવામાં આવી. મિટિંગની શરૂઆત સમૂહમાં પ્રાર્થનાથી કરવામાં આવી. મંત્રી જાગૃતીબેન ગો. પંચોલીએ ગત મિટિંગનો અહેવાલ રજુ કર્યો.

અંકલેશ્વર એકમના સભ્ય નિલેશભાઇ છનુભાઇના સ્મણાર્થે બે મિનિટ મૌન પાડવામાં આવ્યું. ખજાનચી ખુશ્બુબેને આ માસમાં આવતી બર્થડે અને એનવર્સરી વિશ કરી ગીફટ આપી.




પ્રોજેકટ અનુસાર ગાર્ડનમાં ફરાળી વાનગીઓ અને ડબ્બા પાર્ટીમાં બધી બહેનો વાનગીઓ ઘરેથી લઇને આવી હતી. આ વાનગીની મઝા માણી ડબ્બા પાર્ટી કરવામાં આવી. ખુશ્બુબેન અને દક્ષાબેને વડ સાવિત્રીનો મહિમા જણાવ્યો. વડ સાવિત્રી નિમિત્તે બહેનોએ રેડ અને ગ્રીન સાડી પરિધાન કરી વડ સાવિત્રીની પૂજા કરતા પીક ઓનલાઇન મુકયા હતા. ૨૧ જુન યોગ દિવસ નિમિત્તે જાગૃતિબેન ગોપાલભાઇએ બધી બહેનોને યોગા કરાવી યોગ વિશે માર્ગદર્શન આપી યોગ દિનની ઉજવણી કરી. આ દિવસે ગાર્ડનમાં બહેનો મેદાનની રમતો રમી આનંદ માણ્યો. અંતમાં સાધના બેન તરફથી સોફટ ડ્રીંકસ આપવામાં આવ્યુ.

૧૦૧ સોનલબેન મનોજભાઇ પંચોલી-બર્થડે

૧૦૧ ખુશ્બુબેન વિસ્મયભાઇ મિસ્ત્રી-બર્થડે

૧૦૧ મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી-મૅરેજ ઍનીવર્સરી

૧૦૧ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી-બર્થડે

૧૦૧ કેતકીબેન તરફથી શૈલીબેન ડેન્ટીસ થઇ તે નિમિત્તે

આવતા માસની મિટિંગ દેવયાનીબેનને ત્યાં રાખવાનું નકકી કરી છુટા પડયા.

તા. ૧૮.૭.૨૦૨૪ના રોજ જી.આઇ.ડી.સી. દેવયાનીબેન નિલેશભાઇ મહેતાના નિવાસસ્થાને રાખવામાં આવી. મિટિંગની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી.

પ્રોજેકટ અનુસાર આજરોજ અંકલેશ્વરના ગાયનોકોલોજીસ્ટ ડો. પ્રિયંકાબેન ઉપસ્થિત રહયા હતા. ડો. નો પરિચય હિરલબેને આપ્યો. એમણે સ્તન કેન્સર અને ગર્ભાશયના કેન્સર થવાના કારણો, અને

તેના સીમટમ્સ વિશે માહિતી આપી સમજાવ્યુ અને કેવી રીતે કેર કરવું તે જણાવ્યું. પ્રમુખ શ્રીમતિ સોનલબેને ડો. પ્રિયંકાબેનને સ્મૃતિ ભેટ આપી આભાર માન્યો.

વધારાના પ્રોજેકટમાં અલૂણા નિમિત્તે બધી બહેનો ટોપલી શણગારીને લાવી હતી. અલૂણા નિમિત્તે નાની બાળકીઓને સોનલબેન અને ખુશ્બુબેન તરફથી ગીફ્ટ આપવામાં આવી હતી. દક્ષાબેન દિનેશભાઈએ ગોરમાના ખાયણા અને લોકગીત એકશન સાથે ગાઈ ગોરમા વ્રતની ઉજવણી કરી. ટોપલી શણગારીને લાવનાર બહેનોને ગીફ્ટ આપવામાં આવી. નીપાબેને જયાપાર્વતી વ્રત વિશે તથા ખુશ્બુબેને દેશયની એકાદશી મહાત્મય જણાવ્યું હતું. ગુરૂ પૂર્ણિમા નિમિત્તે દેવયાની બેન દ્વારા ગુરૂપૂજન કરવામાં આવ્યું હતું. અને મીરાબેને ગુરૂપૂર્ણિમાનું મહાત્મય જણાવ્યું હતું.

પ્રોજેક્ટ અનુસાર નવયુગ કવીઝ મીરાબેને રમાડી, નાસ્તા અને શરબતને ન્યાય આપી છુટા પડયા. તા. ૩૧ જુલાઈના રોજ એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરી બધી બહેનોએ ઓનલાઇન ફોટા મુકયા હતાં.

૧૦૧ સંગીતાબેન રમણભાઈ પંચોલી

૧૦૧ હિરલબેન દિપેશભાઈ - બર્થડે.

૧૦૧ નિકિતાબેન ચિંતનભાઈ - બર્થડે

૨૫૧ દેવયાનીબેન તરફથી સ્વ. વૃશાલીની બર્થડે

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તેજસ્વીની મહિલા મંડળ વડોદરાની કારોબારી મિટિંગ ૨૪.૦૭.૨૦૨૪ના રોજ પ્રીતિબેન જય પચોલી તરફથી કિચન ઓફ આર્ટ હોટલમાં સવારે ૧૧.૩૦ કલાકે રાખવામાં આવી. પ્રીતિબેને સૌ બહેનોનું સ્વાગત કર્યુ હતું. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. સમાજમાં દિવંગત પામેલ આત્માઓને મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી. ગત માસની મિટિંગનો અહેવાલ આનંદીબેને વાંચી સંભળાવ્યો.

જુન માસમાં આપેલ પ્રોજેક્ટ અનુસાર ગાયનેકો લોજીસ્ટ ડોકટર દ્વારા બહેનોને થતા ગર્ભાશય અને સ્તન કેન્સર અંગે જાગૃતી અને માર્ગદર્શન માટે નિરામયા હોસ્પિટલમાંથી ડો. એસ. સૈફી ડી. ગાંધીને આમંત્રણ આપ્યુ હતું. વિવિધ કેન્સર અંગે ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું.

ડો. નો આભાર માની ગીફ્ટ આપી સન્માન કરી નવાજયા હતાં. પ્રિતીબેને વન મિનિટની બે ગેમ રમાડી હતી. વડસાવિત્રી નિમિત્તે રેડ એન્ડ ગ્રીન કલરમાં મેચીંગ ડ્રેસ સ્પર્ધા રાખી હતી. જેમાં રેડ એન્ડ ગ્રીન સાડી પરીધાન કરી વડની પૂજા કરતા ફોટા ઓનલાઇન મુકવાના હતા. જેમાં પ્રથમ નીતાબેન અને દ્વિતીય હર્ષાબેન અને તૃતીય નીમાબેન વિજેતા થયા હતાં. ગેમ વનના પ્રથમ વિજેતા શીલાબેન, દ્વિતીય જયોત્સનાબેન અને તૃતીય વિજેતા આનંદીબેન થયા હતાં. ગેમ બેના વિજેતા પ્રથમ સપનાબેન, દ્વિતીય પ્રીતિબેન મપારા અને તૃતીય વિજેતા સુરેખાબેન થયા હતાં. વિજેતા બહેનોને પ્રીતિબેન તરફથી ઇનામ આપી અભિનંદન પાઠવ્યા. પ્રિતીબેન મપારા ચારધામની યાત્રા સુંદર રીતે કરીને આવ્યા તે નિમિત્તે તમામ બહેનોને પીત્તળના ડબ્બા સાથે પ્રસાદ આપવામાં આવ્યો હતો. અંતમાં આર્ટ ઓફ કિચનમાં સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણ્યો હતો. પ્રિતીબેને રીર્ટન ગીફ્ટમાં પૂજા બાસ્કેટ આપ્યા હતાં. આગામી મિટિંગ નીમાબેનને ત્યાં રાખવાનં નકકી કયુ. આજની આ મિટિંગનુ આયોજન, ગીફ્ટ અને સ્વાદિષ્ટ ભોજન માટે પ્રીતિબેન અને પરિવારજનોનો નીમાબેનના આભાર બાદ છુટા પડયા.

એક્સ્ટ્રા પ્રોજેક્ટ : ૨૧મી જુન યોગા દિવસ નિમિત્તે બધી બહેનોએ યોગા કરી ઓનલાઇન ફોટા પોસ્ટ કર્યા. ૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે બહેનો કમારીબાગમાં ઉજવણી કરી હતી. ભેગા મળી ઝુમ્બા ડાન્સ કરી બેનર સાથે રેલી કાઢી હતી. મે માસના પ્રોજેક્ટ અનુસાર ડબ્બા પાર્ટી યોજી હતો.

# દિપોત્સવી અંક - ૨૦૨૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૩,૦૦૦/- | ☐ | મલ્ટીકલર | ₹ ૭,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૨,૦૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ ૭૫૦/- | ☐ | ચોથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (ફોટા સાથે-૪૦૦) | ₹ ૪૦૦/- | | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા ('શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે બેંક ઓફ બરોડા અંકલેશ્વરની શાખામાં ખાતા નંબર **02210100057495 IFSC code BARB0ANKLES** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................

(૨)........................................................ (૩) ........................................................

(૪)........................................................ (૫) ........................................................

(૬)........................................................ (૭) ........................................................

(૮)........................................................ (૯) ........................................................

સરનામુ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

પીન ....................................... ફોન : (ઘર)................................(ઓ)................................

મોબાઈલ ..........................................................................................................

**પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.**

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૩૦.૦૯.૨૦૨૪ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ**

**શ્રી જય પંચોલી**

બી-૬૩, ઉમાકોલોની, વાઘોડિયા રોડ, વડોદરા

મો. ૯૯૯૮૦ ૫૪૪૭૫

email : jpancholi11052004@gmail.com,

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૨૪ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજયુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

❖ S.S.C. માં ઉત્તિર્ણ થયેલ

❖ H.S.C. માં ઉત્તિર્ણ થયેલ

❖ I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજયુએશન, પોષ્ટ ગ્રેજયુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના <u>પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરું સરનામું, મોબાઇલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ</u> વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડ્યા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે

❖ કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.

❖ ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની <u>માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફસ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેશો.......</u>

❖ **કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પણ ઓગસ્ટ માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૧૫.૦૭.૨૦૧૮ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી.**

## વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી... વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહીં...જેની નોંધ લેવી

**S.S.C. અને H.S.C. ની માર્કસીટ પાછળ પર્સન્ટાઈલના ટકા કરી લખી મોકલવા વિનંતી... એડ્રેસ અવશ્ય લખવું.....**

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ

**શ્રી જય પંચોલી**

બી-૬૩, ઉમાકોલોની, વાઘોડિયા રોડ, સુરત
મો. ૯૯૯૮૦ ૫૪૪૭૫
email : jpancholi11052004@gmail.com,

# એક વાર જાવુ હરીના ધામમાં




સંખેડા નિવાસી નરેન્દ્રભાઇ કાળીદાસ પંચોલી તા. ૩૦.૪.૨૦૨૪ના રોજ હરીના ધામમાં ગયા




સગરામપુરા-સુરત નિવાસી જસુબેન નટવરલાલ કાપડિયા તા. ૦૫.૦૮.૨૦૨૪ના રોજ હરીના ધામમાં ગયા




વ્યારા નિવાસી હેમલતાબેન સુરેશભાઇ પંચોલી તા. ૧૦.૮.૨૦૨૪ રોજ હરીના ધામમાં ગયા



કવાંટ નિવાસી ભીખાભાઇ મોતીભાઇ પંચોલી તા. ૦૭.૦૭.૨૦૨૪ના રોજ હરીના ધામમાં ગયા



સિનોર નિવાસી અલ્પેશભાઇ પંચોલી તા. ૨૭.૦૭.૨૦૨૪ના રોજ હરીના ધામમાં ગયા



સુરત(હાલ બીલીમોરા) નિવાસી લક્ષ્મીચંદ બેચરદાસ મિસ્ત્રી તા. ૧૨.૮.૨૦૨૪ રોજ હરીના ધામમાં ગયા    ઉ.વ. : ૯૮

પંચોલી નવયુગ શુભચિંતક    શ્રી નરેન્દ્રભાઇ નારણદાસ પંચોલી    રાજપીપળા    સ્વ. યોગેશભાઇ બાબુભાઇ પંચોલી    રાજપીપળા

**Book-Post**
**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**